રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૮–૯–૨૦૧૭
ક્રમાંકઃ રાચઆ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧ (૪૦)–નો.ર.નં.૩૭–૯૨૦૧૭–ક

## –: આદેશ :–

રાજયમાં રાજય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીમાં રાજકીય પક્ષો પક્ષીય ધોરણે ઉમેદવાર ઊભા રાખી ચૂંટણી લડે તે માટે પક્ષોની નોંધણી કરવા આયોગે તા.૧૯–૧૧–૨૦૧૧ નો આદેશ કરેલ છે. આ આદેશના ફકરા–૪ માં નિર્દેશ કર્યા પ્રમાણે નીચે જણાવેલ પક્ષ તરફથી આયોગને નોંધણી માટે અરજી મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧: | પક્ષનું નામ | : | **જનસમુદાય પાર્ટી** |
| ૨: | સરનામું | : | ૫૭,પહેલે માળે,સ્ટેડીયમ હાઉસ,<br>સ્ટેડીયમ ચાર રસ્તા,<br>નવરંગપુરા,અમદાવાદ–૩૮૦૦૦૯ |
| ૩: | પક્ષના પ્રમુખનું નામ / સરનામું | : | શ્રી ઈન્દ્રજીત બળદેવપ્રસાદ રાવલ,<br>૩૮,બીજો માળ, પંકજ સોસાયટી,<br>ભઠ્ઠા,પાલડી,અમદાવાદ–૩૮૦૦૦૭ |

ઉપર્યુકત પક્ષની અરજીના અનુસંધાને રાજય ચૂંટણી આયોગમાં રાજકીય પક્ષ તરીકે ઉકત પક્ષની નોંધણી કરવા સામે તા.૩૧–૭–૨૦૧૭ ના રાજય સરકારના રાજયપત્રમાં જાહેર નોટિસ આપી વાંધા, સલાહ સૂચનો માગવામાં આવેલ છે.

નિયત સમય મર્યાદામાં કોઈ વાંધા–સૂચનો રજૂ થયેલ નથી. નોંધણી માટે રજૂઆત કરનાર અરજદારની વિગતોની આયોગે ચકાસણી કરેલ છે. પુખ્ત વિચારણાને અંતે રાજય ચૂંટણી આયોગ સ્થાનિક સ્વરાજય સંસ્થાઓમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે ઉકત અરજદારને નીચેની શરતોએ **જનસમુદાય પાર્ટી** નામે નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા આદેશ કરે છે.

(૧) પક્ષ ભારતના બંધારણમાં સાચી શ્રધ્ધા ધરાવશે અને તેને વફાદાર રહેશે. સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને લોકશાહીના સિધ્ધાંતો અને ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડીતતાનું સમર્થન કરશે.

(૨) પક્ષ, પક્ષના નોંધાયેલા સભ્યો અને પક્ષના ઉમેદવારો રાજય ચૂંટણી આયોગ ગુજરાતે સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ ચૂંટણીઓ માટે વખતોવખત બહાર પાડેલ આદર્શ આચાર સંહિતાની તથા તેની તે સંદર્ભે જારી કરવામાં આવેલ આદેશો / સૂચનાઓની જોગવાઈઓનું સંપૂર્ણ પાલન કરશે તેમજ તેનું પાલન કરવા બંધાયેલ રહેશે.

(૩) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા મુકત, ન્યાયી, અને શાંતિપૂર્વક ચૂંટણીઓનું સંચાલન બળવત્તર બનાવવાના હેતુથી રાજય ચૂંટણી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અને નિર્દેશોનો અમલ કરશે.

(૪) પક્ષનું નામ, વડી કચેરીનું સરનામું, રાજય કક્ષાની કચેરીનું સરનામું, પક્ષના રાષ્ટ્રીય / રાજય કક્ષાના હોદ્દેદારો / પદાધિકારીઓના નામ કે અન્ય કોઈ અગત્યની ભૌતિક બાબતોમાં ફેરફાર થયેથી કે અન્ય કોઈ બીજી મહત્વની બાબતના ફેરફારની વિના વિલંબે રાજય ચૂંટણી આયોગને જાણ કરશે. પક્ષના નામમાં ફેરફાર કરવા રાજય ચૂંટણી આયોગની પૂર્વમંજૂરી મેળવશે.

(૫) રાજય ચૂંટણી આયોગ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીના નિયુકત ચૂંટણી અધિકારીને પક્ષે ઊભા રાખેલ ઉમેદવારોના નામ મોકલવા પક્ષના અધિકૃત વ્યકિતના નામ અને સહીના નમૂના મોકલશે.

(૬) પક્ષ તેના આવક – ખર્ચના સાચા હિસાબો નિભાવશે. ખાસ કરીને સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીઓ સંબંધમાં પક્ષના સામાન્ય પ્રચાર માટે અને પક્ષે ઊભા રાખેલ ખાસ ઉમેદવારોના ચૂંટાવાની સંભાવના વધારવા ઉમેદવારદીઠ કરવામાં આવેલ ખર્ચના હિસાબો નિભાવશે.

(૭) નાણાંકીય વર્ષ પુરૂ થયા પછીના એક વર્ષની અંદર, પક્ષના ઓડીટ થયેલ હિસાબો અને સંબંધિત વર્ષમાં અમલમાં હોય તે કાયદા હેઠળ ફાઈલ કરેલ આવક વેરાના રીટર્નની નકલ રાજય ચૂંટણી આયોગને મોકલી આપશે.

(૮) પક્ષના સભ્ય સંખ્યા બળની આંકડાકીય માહિતી તથા સદસ્યોના સંવર્ગ હોય તો દરેક સંવર્ગની સંખ્યા તમામ સંવર્ગના કુલ સભ્યોનું સભ્ય સંખ્યાબળ ઓછામાં ઓછું ૧૦૦ હોવું જોઈશે. સદસ્યોના નામ, મતદાર યાદીમાં નોંધણી થયાની વિગત એટલે કે અદ્યતન મતદાર યાદીની નકલ રાજય ચૂંટણી આયોગને મોકલી આપશે.

(૯) પક્ષ રાજયની કોઈપણ સ્થાનિક સ્વરાજય સંસ્થામાં કોઈપણ પદાધિકારી / હોદ્દા અથવા સદસ્ય તરીકે પ્રતિનિધિત્વ કરતા હોય તો સ્થાનિક સ્વરાજય સંસ્થાનું નામ તથા તેમાં હોદ્દો ધરાવતા સભ્યો / પદાધિકારીની સંખ્યાની વિગતો મોકલશે.

(૧૦) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા, અથવા મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણીઓનું સંચાલન બળવત્તર કરવાના હેતુથી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અને નિર્દેશોનું પાલન કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧–૧૧૨૦૧૧–ક, તા.૧૯–૧૧–૨૦૧૧ ના ફકરા ક્રમાંક : ૫ માંની જોગવાઈ મુજબ રાજય ચૂંટણી આયોગ રાજકીય પક્ષની નોંધણી રદ કરી શકશે.

નોંધાયેલ પક્ષ તરીકે ઉપરોકત શરતો તથા રાજય ચૂંટણી આયોગે સમયાંતરે જે સૂચનાઓ / આદેશો બહાર પાડે તેનો ચુસ્તપણે અમલ કરશે.

**રાજય ચૂંટણી આયોગના આદેશથી,**

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**પ્રમુખશ્રી,**
**જનસમુદાય પાર્ટી,**
**૫૭,પહેલે માળે,સ્ટેડીયમ હાઉસ,સ્ટેડીયમ ચાર રસ્તા,**
**નવરંગપુરા,અમદાવાદ,૩૮૦૦૦૯**
**નકલ જયભારત સાથ રવાના :–**

- જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તમામ
- શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તમામ

- જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેકટરશ્રી તમામ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ
- નિવાસી અધિક કલેકટરશ્રી / પ્રાંત અધિકારીશ્રી / મામલતદારશ્રી તમામ(કલેકટરશ્રી મારફતે)
- નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ(જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે)
- તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ(જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે)

**નકલ સવિનય જાણ સારૂ રવાના:–**

- મુખ્ય સચિવશ્રી,ગુજરાત રાજ્ય,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર

**નકલ રવાના :–**

- સર્વે ચૂંટણી અધિકારીઓ ગ્રામ / તાલુકા / જિલ્લા પંચાયત – મહાનગરપાલિકા / નગરપાલિકા (કલેકટરશ્રી મારફતે)
- વ્યવસ્થાપકશ્રી ,સરકારી મધ્યસ્થ પ્રેસ,ગાંધીનગર
  આ આદેશ એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ૪–સી માં તાત્કાલિક પ્રસિદ્ધ કરી ગેઝેટની ૧૦ નકલો આ કાર્યાલયને તથા ૫–૫ નકલો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી તમામ તથા ૫–૫ નકલો જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામને બારોબાર મોકલવા વિનંતી સહ
- રાજય ચૂંટણી આયોગના નોંધાયેલા સર્વે રાજકીય પક્ષો
- સંયુકત સચિવશ્રી /સંયુકત કમિશ્નરશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી ૧,૨ અને ૩ / મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી તમામ, રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
- નાયબ મામલતદારશ્રી તમામ,રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
- માન. કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- કચેરી નોટીસ બોર્ડ ઉપર
- સિલેકટ ફાઈલે.